ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### શ્રી મહાકાલ સેના સેવા ટ્રસ્ટ દ્વારા નિ:શુલ્ક સમૂહલગ્ન યોજવામાં આવશે



**પાદરા** :શ્રીમહાકાલસેનાસેવાટ્રસ્ટ દ્વારા નિ:શુલ્ક સમૂહલગ્નની તૈયારીઓ વડોદરા ખાતે મહાકાલ સેના સેવા Trust દ્વારા માં-બાપ વિહોણી દીકરીઓ માટે નિ:શુલ્ક સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાંચમો સમૂહલગ્ન કાર્યક્રમ તા. 12 એપ્રિલ 2026, રવિવારના રોજ સાંજે 6:00 કલાકે લક્ષ્મીપુરા રોડ, ગોરવા સ્થિત સોના પાર્ટીપ્લોટ ખાતે યોજાશે. આ આયોજનને અનુસંધાને સમૂહલગ્નમાં જોડાનાર દીકરીઓને ટ્રસ્ટના સભ્યો દ્વારા પાનેતર તેમજ સમૂહલગ્ન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે સમૂહલગ્નના આયોજન અંગે યુવકો તેમજ યુવતીઓના વડીલશ્રીઓને વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

### વડોદરા જિલ્લાના શિનોર મુકામે ભારતીય જનતા પાર્ટીની મહત્વપૂર્ણ પરિચય બેઠક યોજાઈ



**શિનોર** : સ્થાનિક સ્વરાજ્યની આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટી દ્વારા સમગ્ર રાજ્યમાં જિલ્લા પ્રભારીઓની નિમણૂક કરવામાં આવી છે. વડોદરા જિલ્લા પ્રભારી તરીકે ઋત્વિજભાઈ પટેલની જવાબદારી સોંપવામાં આવી છે. આ અંતર્ગત શિનોર ખાતે તાલુકા પરિચય બેઠક યોજાઈ હતી, જેમાં મુખ્યત્વે કાર્યકર્તાઓને ચૂંટણી માટે સજ્જ બનાવવાનો અને આગામી કાર્યક્રમોની યોજના ઘડવાનો ઉદ્દેશ રહ્યો હતો. બેઠકમાં વડોદરા જિલ્લાની તમામ બેઠકો જીતવા માટેની વ્યૂહરચના પર પણ ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે ઋત્વિજભાઈ પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે મતદારોનો ઝુકાવ ભારતીય જનતા પાર્ટીની તરફ છે. બેઠકમાં જિલ્લા મહામંત્રી યોગેશભાઈ, ઉપપ્રમુખ મહેશભાઈ દાજી, કોષાધ્યક્ષ સચિનભાઈ પટેલ, શિનોર તાલુકા ભાજપ પ્રમુખ સંકેતભાઈ પટેલ, ધર્મેશભાઈ પટેલ સહિત અનેક કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### પાદરાના ભોજ ખાતે શ્રી આર.બી.પટેલ વિદ્યાલયમાં આર.ઓ. સિસ્ટમ અને વોટર કૂલરનું લોકાર્પણ



**પાદરા** : ભોજ ગામે આવેલ શ્રી આર.બી. પટેલ વિદ્યાલય ખાતે આજે વિદ્યાર્થીઓ માટે પીવાના શુદ્ધ પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી હતી. Rotary Club of Baroda Sayajinagari દ્વારા શાળાને આર.ઓ. સિસ્ટમ તથા વોટર કૂલર ભેટ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે રોટરી ક્લબ તરફથી મોક્ષાબેન તથા વૈશાલીબેન શાળામાં પધાર્યા હતા. તેમના હસ્તે આર.ઓ. સિસ્ટમ અને વોટર કૂલરનું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, જેને કારણે વિદ્યાર્થીઓને શુદ્ધ અને ઠંડુ પીવાનું પાણી સરળતાથી ઉપલબ્ધ બનશે. કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્ય રાજેશ અમીન દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાની પરંપરા મુજબ મહેમાનોનું પુષ્પગુચ્છ, શાલ, પુસ્તક અને મોમેન્ટો અર્પણ કરીને શિક્ષિકા ધર્મિષ્ઠાબેન તથા ભૂમિકાબેન દ્વારા સન્માન કરવામાં આવ્યું. રોટરી ક્લબની બંને પ્રતિનિધિઓએ વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવતા તેમના સર્વાંગી વિકાસ માટે શુભેચ્છાઓ આપી હતી.

### બોડેલી ઓરસંગ બ્રિજ ઉતરતા મોડાસર રોડ પર ઢીમલાઓ જોવા મળ્યા.. વાહન ચાલકોને પડતી હાલાકી



બોડેલી : છોટાઉદેપુર જિલ્લામાં આવેલ બોડેલી ખાતે ઓરસંગ બ્રિજ ઉતરતા ની સાથે જ રોડ ઉપર રેતી ભરેલી ટ્રકો ના કારણે મોટા મોટા ઢીમલા જોવા મળ્યા જેના કારણે વાહન ચાલકોને ભારે હાલાકી નો સામનો કરવો પડી રહ્યો છે અતિ મહત્વની વાત એ છે કે આ રોડ પર નદી તરફ વળતા ત્યાંથી નીકળતી ગાડીઓના કારણે રોડની આ પરિસ્થિતિનું નિર્માણ થયું હોવાનું જાણવા મળ્યું છે જેથી કરીને બાઈક ચાલકો તથા કારચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે કેટલીક વાર અકસ્માતની ભીતી પણ સર્જાય છે.

જ્યારે મોડાસર ગ્રામ પંચાયતની નજીકથી જ રેતીની અવરજવર માટે રસ્તો નીકળેલ છે અને પંચાયત તરફ જવાના રસ્તા પર જ આ પરિસ્થિતિને નિર્માણ જોતા અનેક સવાલો ઊભા થાય છે ગ્રામ પંચાયત દ્વારા આ બાબતને ધ્યાને લઈ મેન્ટેનન્સ માટેનો રસ્તા ધારકોને કાતો પછી લીઝ ધારકોને આદેશ આપવો જોઈએ એ પણ ચર્ચા નો વિષય બન્યો છે

જ્યારે સમગ્ર મામલે લાગુ પડતા અધિકારીઓ દ્વારા આ રોડની સફાઈ કરવામાં આવે અને જે ખરબચડા ઢીમલા પડ્યા છે તેને દૂર કરવામાં આવે જેથી કરીને વાહન ચાલકોને પડતી અગવડ દૂર થાય.

### પાદરામાં શ્રીરામનવમી અને હનુમાન જયંતિ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમો

**પાદરા** : પાદરા ખાતે શ્રીરામનવમી તથા શ્રીહનુમાન જયંતિ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૬/૩/૨૬ના રોજ ગુરુવારે રાત્રે ૯ કલાકે ભજન સત્સંગ યોજાનાર છે. જ્યારે તા. ૨/૪/૨૬ના રોજ ગુરુવારે રાત્રે ૯ કલાકે શ્રી સુંદરકાંડ પાઠ યોજાશે. આ બંને કાર્યક્રમો શ્રી પુનિત પલ્સ મિલ, પાદરા ખાતે રાખવામાં આવ્યા છે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહી ધર્મલાભ લે તેવી અપીલ આયોજકો દ્વારા કરવામાં આવી છે. આ અંગેનું આમંત્રણ સુરેશભાઈ મોતીલાલ ઠક્કર દ્વારા પાઠવવામાં આવ્યું છે. સર્વે શ્રીરામભક્તો, સ્નેહીજનો તથા ધર્મપ્રેમી નાગરિકોને હાજરી આપવા અનુરોધ કરાયો છે.

---

#### સતત બીજા દિવસે પણ ડૂબેલા યુવાનોની શોધખોળ, એકનો મૃતદેહ મળ્યો

## આલમગઢ તળાવમાં ન્હાવા પડેલા ચાર પૈકી બે યુવાનો ડુબ્યા

**ફાયર** વિભાગ અને સ્થાનિકો દ્વારા શોધખોળ









(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.23

તાલુકાના જરોદ નજીક આવેલા આલમગઢ ગામની સીમમાં રાણીયા તળાવમાં ગામના ચાર યુવાનો ન્હાવા પડતા બે યુવાનો ડૂબી જતા લશ્કરે તેમજ સ્થાનિક તરવૈયા ઓએ શોધખોડ આદરી હતી.આલમગઢના અમિતભાઈ સુરેશભાઈ તડવી (25) અને શૈલેષ રમણભાઈ સોલંકી (18) સહિત અન્ય બે મળી કુલ ચાર યુવાનો રવિવારે બપોરે બે વાગ્યા ની આસપાસ તળાવમાં ન્હાવા પડ્યા હતા. યુવાનો ન્હાતા ન્હાતા ઊંડા પાણીમાં ડૂબવા લગતા બેને તરતા આવડતું હોય તે નીકળી ગયા હતા. જ્યારે અમિત તડવી અને શૈલેષ સોલંકી ઊંડા પાણીમાં ડુબવા લગતા અન્ય યુવાનોએ ડૂબતા યુવકોને બચાવવા મદદ માટે બૂમો પાડતા આજુબાજુના લોકો મદદે દોડી આવ્યા હતા. પરંતુ તેવોને બચાવી શકાય તે પહેલાં બંને યુવાનો ઊંડા પાણીમાં ડુબી ગયા હતા.

બનાવ અંગેની જાણ ગામમાં થતા ભોગ બનનાર યુવાનના પરિવારજનો અને ગામના લોકો તળાવ ઉપર પહોંચી ગયા હતા. આ અંગેની જાણ જરોદ પોલીસને કરતા પોલીસ બનાવ સ્થળે પહોંચી વડોદરા ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર બ્રિગેડના જવાનો એ તળાવના પાણીમાં યુવાનોની રવિવાર અને સોમવારે સાંજ સુધી શોધખોળ આરંભી હતી.તળાવમાં લાપતા બનેલ અમિત તડવી નો સોમવારે સાંજે મૃતદેહ શોધી કાઢવામાં સફળતા મળી હતી.અમિત ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. શૈલેષના મૃતદેહની શોધખોળ ચાલુ છે.

શૈલેષના મોટાભાઈની તાજેતરમાં સગાઈ થતા આવતા મહિને લગ્ન હોય, લગ્ન પહેલા કરુણ ઘટના બનતા પરિવારજનોમાં માતમ છવાઈ ગયો હતો. ઘટના સ્થળે આજે પણ લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા.જોકે તળાવમાં કાદવ કીચડનું સામ્રાજ્ય હોય સ્થાનિક તરવૈયા ઓને પણ કીચડમાં ખૂંપી જવાના કારણે અનેક મુશ્કેલી નડી રહી છે.તળાવ કિનારે પરિવારના આક્રંદે વાતાવરણમાં ગમગીની પાથરી છે.

---

#### બોડેલી રેલવે ફાટક પર ઓવરબ્રિજ કામગીરી ટૂંક સમયમાં શરૂ થશે

## બોડેલીમાં ગેરકાયદેસર દબાણો પર કાર્યવાહી શરૂ ઓવરબ્રિજ નિર્માણ માટે નડતરરૂપ દબાણો પર JCB ફર્યું

(પ્રતિનિધિ) બોડેલી, તા.23

બોડેલીમાં રેલવે ફાટક પર બનનારા ઓવરબ્રિજના નિર્માણ કાર્યને સુગમ બનાવવા માટે ગેરકાયદેસર દબાણો હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. બોડેલી નગરપાલિકા અને RMB વિભાગ દ્વારા સંયુક્ત રીતે આ ઝુંબેશ ચલાવવામાં આવી રહ્યું છે. આ કાર્યવાહી બોડેલીના ઢોકલીયા વિસ્તાર અને છોટાઉદેપુર રોડ પર આવેલા વર્ષો જૂના નડતરરૂપ દબાણો પર કેન્દ્રિત હતી. દબાણો હટાવવા માટે JCB અને ટ્રેક્ટર જેવા સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.



પ્રાપ્ત માહિતી અનુસાર, બોડેલી રેલવે ફાટક પર ઓવરબ્રિજ બનાવવાની કામગીરી ટૂંક સમયમાં શરૂ થવાની છે. આ પ્રોજેક્ટ માટે માર્ગ ખુલ્લો કરવા અને બાંધકામમાં અવરોધ ન આવે તે સુનિશ્ચિત કરવા માટે આ દબાણો દૂર કરવા આવી રહ્યા છે તંત્ર દ્વારા સવારે ૮ કલાક થી પોલીસના કાફલા ને ખડકી દેવામાં આવતા દબાણ કરતાઓના જીવ તાળવે ચોટી ગયા હતા. પોલીસનો કાફલો જોતા જ કેટલાક લોકોએ પોતે જાતે જ પોતાની ચીજ વસ્તુઓ હટાવવાનું શરૂ કરી દીધું હતું.

---

## મીઢોળ માયનોર નિગમ કેનાલ પાસે બે નીલગાય ખાબકવાની ઘટના

**ઘટનામાં** એક નીલગાયનું દુર્ભાગ્યે મૃત્યુ થયું

(પ્રતિનિધિ) શિનોર, તા.23

મળતી માહિતી મુજબ, મીઢોળ નજીક પસાર થતી નિગમની માયનોર કેનાલમાં અચાનક બે નીલગાય પડી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને રેસ્ક્યુ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ભારે મહેનત બાદ એક નીલગાયને જીવિત હાલતમાં સલામત બહાર કાઢવામાં સફળતા મળી હતી. જોકે, બીજી નીલગાયને બચાવી શકાયી નહોતી અને તેનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. હાલ મૃત નીલગાયને તંત્ર દ્વારા



કેનાલમાંથી બહાર કાઢવાની કામગીરી કરવામાં આવી રહી છે, જેથી કરીને કેનાલનું પાણી દૂષિત ન થાય અને આસપાસના ગામોમાં કોઈ આરોગ્ય સંબંધિત સમસ્યા ઊભી ન થાય. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં દુઃખની લાગણી પ્રસરી ગઈ છે. સાથે જ લોકો દ્વારા કેનાલ આસપાસ સુરક્ષા માટે વાડ કે બેરિકેડ જેવી વ્યવસ્થા કરવાની માંગ ઉઠી રહી છે, જેથી ભવિષ્યમાં આવા બનાવો અટકાવી શકાય.

---

### પાદરા પોલીસે જુગાર રમતા ત્રણ શખ્સો ને ઝડપી પાડી 10,430/- નો મુદ્દામાલ જપ્ત

પાદરા તા. 23

પાદરા ખાતે મસીહાપાર્ક સોસાયટીની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો પત્તા પાના વડે હારજીતનો જુગાર રમી રમાડ્યા હોવાની બાતમી પોલીસને મળતા દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી ત્રણ આરોપીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા આરોપીઓમાં જીલાની ઉસ્માનભાઈ મેમણ (રહે. મસીહાપાર્ક સોસાયટી),આદીલ ઈકબાલભાઈ મલેક (રહે. ગોવિંદપુરા) અને ચંદુભાઈ ભીખાભાઈ વાઘરી નો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી જમીન દાવ પર મુકેલા રોકડા રૂ. 5,720/- તથા અંગ જડતી દરમ્યાન મળેલા રોકડા રૂ. 4,710/- મળી કુલ રૂ. 10,430/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

---

## સાવલી તાલુકામાં યુદ્ધની અસરના પગલે એલપીજી ગેસના બોટલ ખૂટી જવાની સંભાવનાથી અરાજકતા

**એલપીજી** ખૂટી જવાની દહેશત ના પગલે જન જીવન પર અસર

(પ્રતિનિધિ) સાવલી, તા.23

હાલ માં મિડલ ઈસ્ટ વિસ્તારમાં ચાલી રહેલા યુદ્ધ અને વધતા તણાવ ના પગલે અફવા ઓ નું બઝાર ભારે ગરમ થઈ રહ્યું છે જેની અસર ઘરેલુ વપરાશની ચીજ વસ્તુઓ ખૂટી જવાની દહેશત ના પગલે જન જીવન પર અસરો દેખાવા લાગી છે. જેમાં ખાસ કરીને ગેસ સિલિન્ડર મેળવવા માટે નાગરિકોને ભારે ધક્કામુક્કી અને લાઈનો કલાકો સુધી રાહ જોતા જોવા મળી રહ્યા છે. સાવલીમાં



ગેસ એજન્સી ની સપ્લાય ગાડીની રાહ જોઈ ને સવારથી જ લોકોની ભીડ ઉમટી પડી હતી. અને બપોરના તાપમાં પણ લોકો લાઈન છોડ્યા વગર ઊભા રહ્યા હતા, જેના કારણે પરિસ્થિતિ વધુ કઠિન બની ગઈ હતી.

આ પરિસ્થિતિમાં મહિલાઓ અને વૃદ્ધોને ખાસ કરીને વધુ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. લાંબા સમય સુધી ઊભા રહેવું મુશ્કેલ હોવા છતાં તેઓ પોતાની જરૂરિયાત માટે લાઈનમાં ઉભા રહેતા નજરે પડ્યા હતા. સાવલી ઉપરાંત આસપાસના ગામો અને વિસ્તારોમાં પણ આવી જ સ્થિતિ સર્જાઈ હોવાનું જાણવા મળે છે. ગેસ એજન્સીઓ પાસે પૂરતો સ્ટોક ન હોવાને કારણે નાગરિકોમાં અસંતોષ અને ચિંતા વધી રહી છે. આ સમગ્ર મામલે સ્થાનિક નાગરિકોએ તંત્ર સામે રોષ વ્યક્ત કર્યો છે અને તાત્કાલિક પૂરતો ગેસ સપ્લાય ઉપલબ્ધ કરાવવા સાથે વ્યવસ્થિત વિતરણ વ્યવસ્થા ઉભી કરવાની માંગ ઉઠી છે.

---

#### વન્ય પ્રાણીઓ જીવ બચાવવા માટે દોડધામ કરી

## નસવાડી તાલુકાના નારધા ગામ પાસે જંગલમાં આગ

**આગની** જ્વાળાઓ ઊંચે ઊંચે ફેલાઈ વનવિભાગના અધિકારીઓ પહોંચ્યા

(પ્રતિનિધિ) નસવાડી, તા.23

નસવાડી તાલુકાના નારધા ગામ ની આજુબાજુ ડુંગરો આવેલા છે જ્યારે વચ્ચે ગામ આવેલ છે અને નારધા ગામના ડુંગરો માં સોમવાર ના રોજ બપોર ના સમયે આગ લાગી હતી જ્યારે જંગલો માં વૃક્ષો માં પાનખર ની ઋતુ ચાલતી હોવાથી સુક્કા પાંદડા જમીન ઉપર ઢગલા ખડકાયા હતા અને જેના કારણે આગ એ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું



હતું જ્યારે નારધા નું જંગલ વિશાળ છે અને જેમાં વન્યપ્રાણીઓ મોટી સંખ્યા માં રહે છે આગ ની ગરમી અને ઉનાળા ની ઋતુ ની ગરમી એક સાથે જંગલ માં ફેલાતા વન્યપ્રાણીઓ ને જીવ નું જોખમ વધ્યું હતું જ્યારે આગ ઓલવવા માટે વનવિભાગ હજુ સુધી પહોંચ્યું નથી જ્યારે આગ કોણે લગાવી તે હજુ સુધી બહાર આવ્યું નથી જ્યારે આગ ઓલવવા માટે ફાયરફાઈટર પહોંચી શકે તેવી સ્થિતિ નથી આગ ના કારણે ગામના લોકો પણ ચિંતિત બન્યા છે આગ વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તો ગામના લોકો ને પણ મુશ્કેલી પડે તેવી સ્થિતિ છે નસવાડી તાલુકામાં આગ ની ઘટના ને લઈને સ્થાનિક લોકો ચિંતિત બન્યા છે.

---

#### બાયપાસ પર ઈકો કારની છત પર ચાર બાઈક સાથે મુસાફરોનો પ્રવાસ, ગેસ એજન્સીઓ પર લાંબી લાઈનો

## ડભોઇના માર્ગો પર વૈશ્વિક યુદ્ધની પરોક્ષ અસરના દ્રશ્યો: ગેસની અછત

**મિડલ ઈસ્ટ** તણાવની અસર ગ્રામ્ય વિસ્તારો સુધી: હોટલો, લારીઓ અને ચાની કીટલીઓના ધંધા પર અસર

(પ્રતિનિધિ) ડભોઈ, તા.23

મિડલ ઈસ્ટ વિસ્તારમાં વધતા આંતરરાષ્ટ્રીય તણાવ અને યુદ્ધ જેવી પરિસ્થિતિની પરોક્ષ અસર હવે ગ્રામ્ય વિસ્તારો સુધી અનુભવાઈ રહી હોવાનું ડભોઈ પંથકમાં જોવા મળતા દ્રશ્યો પરથી અનુમાન થાય છે. ડભોઈ બાયપાસ પાસે પસાર થતી એક ઈકો કારમાં મુસાફરો સાથે તેની છત પર ચાર મોટરસાયકલો અને સામાન દોરડા વડે બાંધીને લઈ જતાં જોવા મળતાં સ્થાનિકોમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

હોળી પર્વને પગલે વતન આવેલા મજૂરો, કોન્ટ્રાક્ટરો અને ખાડી દેશોમાં કામ કરતા લોકો હવે પરત ફરતા ખર્ચ બચાવવા માટે પોતાના વાહનો સાથે જ મુસાફરી કરતા હોવાનું જાણવા મળે છે. આ પ્રકારના દ્રશ્યો અગાઉ ભાગ્યે જ જોવા મળતા હતા, જેના કારણે લોકોમાં વૈશ્વિક પરિસ્થિતિની અસર અંગે ચિંતા વ્યક્ત થવા લાગી છે.

બીજી તરફ ડભોઈ શહેરની ગેસ એજન્સીઓ પર ઘરેલું ગેસ માટે લાંબી લાઈનો જોવા મળી રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા અનેક ગ્રાહકોને ગેસ સિલિન્ડર ન મળતા ખાલી હાથે પરત ફરવું પડતું હોવાનું પણ જાણવા મળે છે. હોટલો, ભજીયા સ્ટોલ, ચાની કીટલીઓ અને ખાણીપીણીની લારીઓના





વ્યવસાય પર પણ ગેસની તંગીની અસર દેખાઈ રહી છે.

સ્થાનિક વેપારીઓના જણાવ્યા મુજબ ગેસની અછત અને ભાવવધારા જેવી પરિસ્થિતિ લાંબા ગાળે ચાલુ રહેશે તો નાના ધંધાર્થીઓ માટે મુશ્કેલી વધવાની શક્યતા છે.

ઘરેલું ગેસ વિતરણ કરતી એજન્સીઓ પર ગ્રાહકોની લાંબી લાઈનો જોવા મળી રહી છે. ગેસના અભાવે ભજીયા સ્ટોલ, ચાની કીટલીઓ અને ખાણીપીણીની લારીઓ સહિત અનેક નાના ધંધાઓ અંશતઃ અથવા સંપૂર્ણ બંધ કરવાની ફરજ પડી રહી છે. જેના કારણે રોજીરોટી માટે આવા ધંધાઓ પર આધારિત પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે.

ઈંધણ અને ગેસના ભાવ વધારાની ભીતિથી લોકોમાં ચિંતા

મિડલ ઈસ્ટ વિસ્તારમાં વધતા તણાવને કારણે ઈંધણ અને ગેસના ભાવમાં વધારો થવાની શક્યતાઓને લઈને લોકોમાં ચિંતા વ્યાપી છે. તાજેતરમાં ઈન્ડસ્ટ્રીયલ ડીઝલના ભાવમાં વધારો જાહેર થયા બાદ પરત ખેંચાયો હતો, જ્યારે ગેસના ભાવમાં વધારો નોંધાતા આવનારા સમયમાં રોજિંદા જીવન પર તેની અસર જોવા મળશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

---

### પાદરાના શાણપુર ગામે વૃદ્ધ મહિલાનું સારવાર દરમ્યાન મોત

પાદરા, તા. 23

પાદરા તાલુકાના શાણપુર ગામે રહેતી વૃદ્ધ મહિલાનું અચાનક તબિયત બગડતા સારવાર દરમ્યાન મોત નિપજતા પોલીસ દ્વારા અકસ્માત મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ શાણપુર ગામે રહેતી કાશીબેન છીતાભાઈ રોહિત (ઉંમર અંદાજે 80 વર્ષ)ને તેમના ઘરે અચાનક ગભરામણ તથા ચક્કર આવતાં તાત્કાલિક સારવાર માટે વડુ CHC ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે વડોદરા સ્થિત ગોત્રી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. સમગ્ર ઘટનાને પગલે વડુ પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે.